# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/169 Dt. 04/10/2025

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા રિજનરેટિવ મેડિસિન પર જાગૃતિ સત્ર યોજાયું

## સ્ટેમ સેલ થકી રિજનરેટિવ પાવર લાવી શકાય છે, નજીકના ભવિષ્યમાં હવે દાંત પણ ફરી ઉગશે, ઈમ્પ્લાન્ટની જરૂર નહીં પડે, બાળકનું શિક્ષણ દોઢ વર્ષની વયથી શરૂ થવું જોઈએ : ડો. પ્રદીપ મહાજન

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ રવિવાર, તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'કટિંગ–એજ સાયન્સ ઓફ રિજનરેટિવ મેડિસિન–ટચિંગ ક્રોનિક ડિસીઝ એન્ડ એન્ટિ–એજિંગ' વિષય પર જાગૃતિ સત્રનું આયોજન કર્યું હતું, જેમાં મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કાર વિજેતા અને રિજનરેટિવ મેડિસિનમાં અગ્રણી તેમજ સ્ટેમઆરએક્સ બાયોસાયન્સ સોલ્યુશન્સ પ્રા. લિ.ના સ્થાપક ડો. પ્રદીપ મહાજને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

ડો. પ્રદીપ મહાજને હઠીલા રોગોમાં અને એન્ટિ એજિંગમાં અત્યાધુનિક રિજનરેટિવ મેડિસિનમાં થઈ રહેલી પ્રગતિ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, કુદરતે માણસને માત્ર હિલિંગ પાવર આપ્યો છે, રિજનરેટિવ પાવર આપણે લાવી શકીએ છીએ. હવે ૪૫ વર્ષની વય પછી પણ સ્ત્રીબીજ પેદા થઈ શકે છે. આપણાં શરીરમાં જ આપણી પોતાની રિપેરિંગ કિટ રહેલી છે.

તેમણે આ અટપટા વિજ્ઞાનની સરળ ભાષામાં સમજ આપતા કહ્યું કે, એક સેલમાંથી ૧૫૦ ટ્રિલિયન સેલનું શરીર બને છે, ૨૨૨ ઓર્ગન બને છે. માસ્ટર સેલ એટલે કે સ્ટેમ સેલમાં આપણી જિનેટિક માહિતી સંગ્રહાયેલી હોય છે. વયવૃદ્ધિ–એજિંગ એ એક ખોટી માન્યતા છે, એ કુદરતી નથી પણ એક રોગ છે. તમે કોઈ પણ હોસ્પિટલ કે સર્જન પાસે જાઓ અને ઉકેલ ન મળે ત્યારે મારી ભૂમિકા શરૂ થાય છે. મારી વાતો તમને ચમત્કાર જેવી લાગશે પણ એ હકીકત છે. આજે આ વિજ્ઞાન એટલું આગળ વધ્યું છે કે ઉંમર રિવર્સ થઈ શકે છે, સેલમાંથી ભ્રૂણ ફરી બનાવી શકાય છે. એવી ટેકનોલોજી હાથવેંતમાં છે કે દાંત પણ ફરી ઉગે, ઈમ્પ્લાન્ટની જરૂર નહીં પડે.

તેમણે કહ્યું કે, ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટમાં રિજેકશન (શરીર ન સ્વીકારે)ના ચાન્સ વધુ રહે છે. સ્ટેમ સેલથી ફરી ઓર્ગન ઉગાડવામાં આ પ્રશ્ન આવતો નથી. તેમણે ડાયાબિટિસને કારણે બગડતી આંખની દૃષ્ટિ કેવી રીતે પાછી મેળવી શકાય એ સમજાવ્યું હતું. વિજ્ઞાનનો હવાલો આપતા તેમણે કહ્યું હતું કે, બાળક દોઢ–બે વર્ષનું થાય ત્યારે જ શિક્ષણ શરૂ થઈ જવું જોઇએ. કેમ કે, એ સમયે ન્યુરોન્સ સૌથી વધારે જોડાયેલા હોય છે અને આપણે તેને શીખવવું પડતું નથી. એટલે જ અગાઉના જમાનામાં બાળક બે વર્ષનું થાય એટલે તેને ગુરુકૂળમાં મૂકી દેવાતું હતું.

પેરાસિટામોલ, એન્ટિબાયોટિક્સ વિના શતાયુ જીવન કેવી રીતે જીવી શકાય એ પાછળનું વિજ્ઞાન તેમણે સમજાવ્યું હતું. વિજ્ઞાન એ હદે આગળ વધી રહ્યું છે કે આપણે એટલું જીવીશું કે કંટાળી જઈશું. આજની તારીખે અમરત્વ અશકય છે, આવરદાને બદલે આરોગ્ય ગાળો વધારવાની જરૂર પર ભાર મુકી તેમણે એજ મેનેજમેન્ટ વિષે સમજણ આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વર્કર હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. સોનિયા ચંદાનીએ મુખ્ય વકતાનો પરિચય આપ્યો હતો અને કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.